


## સલામી સવારની..

દોડાવે, ધૂણાવે, ધૂજવે દંભમાં વાઈબ્રંટ!
વૃક્ષારોપણ જેવું છે નાટક, વાઈબ્રંટ!
વાવે 'જંગલ' ભરી, પણ ઉગતાં નથી એકેય -
મુરજાઈ જાય એમોયું, પાણી વિના, વાઈબ્રંટ
(સવલતી સહકારનો અભાવ)

હાઈકુ

પકડાવ્યું નાડું
શાળાની લાજ લેવા -
ગુણોત્સવનું...
(શિક્ષણ પર અત્યાચાર)

લોકસભાની -
કથા-વ્યથા-સંઘને,
'મુક્તિ'ની ચિંતા...
('ભાગવત' પારાયણ શરૂ)

## ચિંતન

સાધુ કહાવત કઠિન હૈ, લમ્બા પેડ ખજૂર,
ચઢૈ તો ચાખે પ્રેમરસ, ગિરે તૌ ચકનાચૂર

ઉપરોક્ત સાખી કબીર વાણીમાંથી લેવામાં આવેલ છે.

જેમાં કબીર ખજૂરના વૃક્ષની ઉપમા આપે છે. આ અતિ ઊંડા ઝાડને જોઈને કબીર તેમાંથી વિવિધ સૂચિતાર્થનું દર્શન થાય છે. આ સાખીમાં સાધુ-મહાપુરુષની સરખામણી લાંબા ખજૂર ના ઝાડ સાથે કરે છે. સાધુ થવામાં અને રહેવામાં જે જે મુશ્કેલીઓ અને લાભો છે તેનો વિરોધાભાસ આ ઉપમા દ્વારા સાકાર થાય છે. કબીર કહે છે કે, સાધુ એક સિદ્ધિ હાંસલ કરે છે. કબીર કહે તો તેને અમૃત જેવો પ્રેમરસ પ્રાપ્ત થાય છે. પ્રેમ એટલે સર્વજીવો પ્રતિ સમભાવ અને આત્મીયતા. આવી સ્થિતિ હાંસલ થતા જીવનની ખરી મસ્તીનો અનુભવ થાય છે. આ કક્ષાએ પહોંચવામાં અનેક લાલચો આવે છે. ઈસ્લામ અને ક્રિશ્ચિયન ધર્મમાં આવી વૃત્તિ શેતાન સ્વરૂપે રજૂ થઈ છે. આ લાલસામાં લપસી જવાય તો તપ નિરર્થક બને છે. આનાથી વ્યક્તિનું સમગ્ર જીવન છિન્નભિન્ન થઈ શકે છે. અનેક પ્રસંગે મહાપુરુષો કે સંતોનું સ્ખલન માઠાં પરિણામો લાવે છે.

## સુવિચાર

- કોઈ પણ કલા સમય પસાર કરવાનું સાધન નથી પરંતુ પૂજા-અર્ચના છે - **ટેનિસન**
- જે જીવન સર્જે છે, રસ ઉત્પન્ન કરે છે અને શાંતિ અર્પે છે તે સાચી કલા છે - **જાપાની કહેવત**
- પોતાની જાતને છેતરવી એ સૌથી ખરાબ પ્રપંચ છે તે પછીનાં તમામ પાપ સરળ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખરેખરો શક્તિશાળી માણસ નમ્રવાણીથી અને નિશ્ચિત કાર્યોથી પોતાનો જુસ્સો દર્શાવે છે, તે નથી હોતો નરમ કે નથી હોતો ગરમ - **અખંડ આનંદ**
- જે કાર્ય અપૂર્ણ રાખીને મરવાની ઈચ્છા હોય એ જ કાર્યને આવતીકાલ પર મુલત્વી રાખો - **પાબ્લો પિકાસો**
- અજ્ઞાન એ વાતાવરણના પ્રદૂષણનો એક પ્રકાર છે - **રજનીશ**
- મૌન, જેનો જવાબ ના હોઈ શકે, એવી, અઘરામાં અઘરી દલીલ છે - **વોલ્તેર**
- આજનું ઔષધ : કમર કાકડી ચાવીને ખાવાથી હેડકી બંધ થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ સાધુ-સંતો પણ 'મંદિર'ની ઓથે મોટા મોટા આશ્રમ અને ભક્તો માટે એસી રૂમ વાળી 'ધર્મશાળા' બનાવી કાયમી આવકના સાધન ઊભાં કરી લે છે સાથે સાથે ગૌશાળા - નિશાળો-કૉલેજો -દવાખાનાંનાં વહીવટનો 'નવો સંસાર' તો ખરો જ.

સંત રામદાસ નિર્લેપ અને સાચા વૈરાગી-ત્યાગી સંત હતા. સામાન્ય કુટિરમાં સાદગીથી રહેતા હતા - ત્યાં એક ધનિક શેઠે સોના-ચાંદીના સિક્કા ભરેલી થેલી એમના ચરણ પાસે મૂકી દીધી.

સંતે કહ્યું - શેઠ મને આની જરૂર નથી પાછી લઈ લ્યો!' શેઠે કારણ પૂછ્યું.

સંત કહે - જો ભાઈ તારે ત્યાં કોઈ મોટા મહેમાન આવવાના હોય, તેં તારો દિવાનખંડ, ગાલીચા, વગેરે સ્વચ્છ સાફસૂફ કરીને રખ્યાં હોય અને કોઈ આવી તેના પર કૂડો-કચરો કે વિષ્ટા નાખે તો તું શું કરે?

શેઠ કહે - હું ખૂબ અસ્વસ્ત થઈ તેને ક્રોધમાં મારવા જ લઉં!

સંત કહે - જો ભાઈ ઈશ્વરના આગમનની તૈયારીમાં મેં મારા અંતકરણ-મન અને ઈચ્છાઓનો ઓરડો ખૂબ મહેનતથી સાફ કર્યો છે, અને તમે એમાં વિષ્ટારૂપી ધન કચરો નાખો તે મને કેમ સ્વીકાર્ય હોય?!

# ... તો સોનાનો સૂરજ ઉગશે...

સુપ્રીમ કોર્ટની સાત જજોની બંધારણીય બેન્ચે ધર્મ અને જાતિના નામે મત માંગવાની પ્રવૃત્તિને ગેરકાયદેસર ગણાવતો ઐતિહાસિક ચુકાદો આપી આ મુદ્દે વર્તમાન રાજકારણમાં પ્રવર્તતી વિસંગતિ સામે સ્પષ્ટ નિર્દેશો આપ્યા છે. ભારતનું બંધારણ સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ હોવા છતાં, દરેક નાગરિક એ એનો ધર્મ પાળવાનો મૂળભૂત અધિકાર આપે છે. તેથી ચૂંટણીઓ દરમિયાન છેક ૧૯૫૨માં થયેલી લોકસભાની રીતરસમો અપનાવી ધર્મ અને જાતિ-સંપ્રદાયો દ્વારા ઉમેદવારોની તરફેણ કે વિરોધ કરાતો રહ્યો છે. તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ વિરૂદ્ધ હિંદુ મહાસભાના ઉમેદવારે ધર્મના નામે જ પ્રચાર કરેલો, તે જાણીતું છે.

વળી મુસ્લિમોની મતદાર સંખ્યાને આકર્ષવા માટે મૌલાના કે મૌલવીઓ દ્વારા ફતવા જારી કરાયા રહ્યા છે. આ ઉપરાંત જાતિ આધારિત ચૂંટણી પ્રચાર એ આપણા રાજકારણનું અનિવાર્ય અંગ બની રહેલ છે. જે - તે મતવિસ્તારમાં જે જાતિનું વર્ચસ્વ હોય એમાંથી જ રાજકીય પક્ષો પોતાના ઉમેદવારો ઊભા રાખવાનું વલણ ધરાવે છે તે પણ સર્વવિદિત છે. જાતિ આધારિત રાજકારણને લીધે જ ઉત્તરપ્રદેશ, બિહાર અને તમિલનાડુ જેવાં મોટાં રાજયોમાં અમુક જ જાતિના નેતાઓ વારાફરતી રાજ કરતા રહ્યા છે. આંધ્રપ્રદેશમાં અને મહારાષ્ટ્રમાં પણ વધતા ઓછાં અંશે આ જ જાતિવાદી રાજકારણ જ હાવી રહ્યું છે. રાષ્ટ્રીયતા કરતાં સવિશેષ ધર્મ-સંપ્રદાય અને જાતિવાદના પ્રભાવ હેઠળ થતાં ચૂંટણી પ્રચાર સામે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચનો આ ચુકાદો લાલબત્તી ધરે છે. જો કે આ ચુકાદો સર્વસંમતિથી નહીં પરંતુ બહુમતીથી અપાયો છે, તે પણ આ મુદ્દે છેક સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓમાં પ્રવર્તતી અવઢવનું પ્રમાણ છે. ઉમેદવારની જાતિ કે ધર્મ

**તંત્રીસ્થાનેથી...**

આપોઆપ એના સ્વજાતીય મતદારો માટે એક અંગતપણું ઊભું કરે છે. તેથી એ મુદ્દે ખુલ્લા પ્રચાર કર્યા વગર પણ મતદારોને એ તરફી વાળી શકાય છે. પરંતુ આપણે ત્યાં તો રાજકારણ સાથે ધર્મકારણને સાંકળવાની એક પરંપરા જ ઊભી થઈ છે. ભારતીય જનતા પાર્ટી અને શિવશેનાનો પાયો જ 'હિંદુત્વ' છે. જો કે આ હિંદુત્વ એ દેશની સંસ્કૃતિનું જ પર્યાયવાચી નામ છે અને એ ધર્મ કરતાં સવિશેષ જીવનશૈલી છે, તેવું તારણ કાઢીને ખુદ સર્વોચ્ચ અદાલતે આ બેઉ પાર્ટીઓ સામેની કાનૂની અડચણો સમાપ્ત કરી દીધેલી છે. મુસ્લિમ લીગ અને અકાલી દળ ખરું જોતાં ધર્મ આધારિત રાજકારણને વરેલી રાજકીય પાર્ટીઓ જ છે. પરંતુ સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાથી એમના ભવિષ્ય પર કોઈ વિપરીત અસર પડવાની સંભાવના નહીંવત જ છે. વ્યક્તિગત રીતે મુસ્લિમ લીગના ઔવેસી કે ભાજપના કેટલાક 'સાક્ષી મહારાજો' સામે વારંવાર ફરિયાદો થતી રહી છે, છતાં એમના રાજકારણને એથી બ્રેક નથી વાગી તે જ શું સૂચક નથી? આટલી બધી વિવિધતાઓ અને જાતિસંપ્રદાયોવાળા દેશના નાગરિકને શુદ્ધ નાગરિક ધર્મ કે રાષ્ટ્રધર્મ મુજબ આચરણ કરતાં શીખવવાનું કામ ધારીએ છીએ એટલું સહેલું નથી. રાજકીય પાર્ટીઓને તો જે પાણીએ મગ ચડતા હોય તે પાણી વાપરવામાં જ શ્રેય વરતાતું રહ્યું છે. ખુદ પોતાની જાતને બિનસાંપ્રદાયિક ગણાવતી કોંગ્રેસ પાર્ટી પણ ઉમેદવારોની પસંદગીમાં એ બેઉ મુદ્દે શંકાના દાયરામાં રહી છે. લઘુમતી વોટબેંકથી લઈ દલિત-આદિવાસીઓ પ્રત્યેનો એનો વિશેષ પક્ષપાત એને ફળ્યો પણ છે અને નડ્યો પણ છે. સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશ પછી પણ 'રાજકારણ' નામનો હાથી તો કદાચ એની પોતાની જ ગતમાં ચાલતો રહેશે, એમાં કોઈ શક?

# જયારે તેને નોકરી જોઈન કરી તો તેના ચહેરા પર ખુશી સાથે ગમ છવાઈ ગયો

ભિખારી, હાં તેને ભિખારી જ કહી શકાય. તે રસ્તાની એક તરફી ફૂટપાથ પર એક પુરાતન બંધ પડેલ મકાનના પગથિયાં પર પડી રહેતો હતો. તેનું નામ ભીખુ હતું. પણ હતો ખુબ ઈમદાનદાર અને સ્વાભિમાની, એક પગે ખોડ તો તેને બાળપણથી જ. પોલિયોને કારણે હતી. જયારે બે વર્ષ પહેલાં એક એકસીડેન્ટમાં બીજા પગના ગોઠણમાં પણ ઈજા થવાથી કાયમી વિકલાંગતા આવી ગયેલી. કદાચ પરિસ્થિતિએ જ તેને ભિખારી થવા મજબૂર કર્યો હશે.

મારે રોજ એજ રસ્તેથી પસાર થવાનું બનતું હતું. જયારે મેં તેની સાથે વાતચીત કરી તો જાણવા મળ્યું કે તેના માતાપિતાને તો તે માંડ દશ વર્ષનો હશે ત્યાં જ ગુમાવી ચૂક્યો હતો. તેના પિતા ટેકચંદ એક બેહદ ઈમાનદાર અને મહેનતુ મુનીમ હતા. જે ધીરુભાઈ શાહની પેઢીમાં હિસાબ-કિતાબ સંભાળતા હતા. ભીખુની માંનું નિધન કેન્સરને કારણે થયું હતું. જયારે પિતાનું અવસાન લાંબા સમય સુધી ચાલેલ અસ્થમાની બિમારીને કારણે થયું હતું. બસ અહીંથી જ તેના મુસીબતના દિવસોની શરુઆત થયેલી. ઘરબાર વગરના અનાથ ભીખુના કુટુંબીઓ અને સગાસંબંધીઓ દયા, સહાનુભૂતિ કે તેનું ભરણપોષણ કરવાને બદલે નસીબને સહારે છોડી દીધો. ભીખુના માતાપિતા એક ભાડાના મકાનના મકાનમાં રહેતા હતા. પણ તેમના અવસાન પછી એ મકાન પણ મકાન માલિકે લી લીધું. તેથી જ ભીખુને ફૂટપાથનો સહારો લેવો પડ્યો. પરંતુ તેના માતાપિતાના સંસ્કારો તેનામાં ખુબ ઊંડે સુધી ઉતરેલા હતા.

હવે ભીખુ ખંડિયેર જેવા જૂના મકાનના પગથિયાં પર રાત ગુજારતો અને દિવસે ફૂટપાત પર એક વાટકો મુકી બેસી જતો. આવતા જતા લોકોને તે માત્ર પગે લાગતો. મોઢેથી કયારેય ભીખ માંગતો નહીં છતાં તેની પાસે પડેલ વાડકામાં લોકો ચાર આના, આઠ આના કે રૂપિયા સિક્કા નાંખી દેતા.

સમય વિતતો ગયો. તેના મનમાં પણ લોકોને ધનવાન અને સાધનસંપન્ન જોઈ ભણવાનો વિચાર આવ્યો. હવે તેને મળતાં પરચુરણમાંથી તે અમુક રકમ જુદી કાઢી લઈ બચત કરવા લાગ્યો. તેમાં વળી શંકરલાલ માસ્તર જે આ રસ્તે આવતા જતા. તેને ભણવા માટે સમજાવતા. તેમના જ પ્રયત્નથી તેને નજીકની સરકારી શાળામાં વિકલાંગ કોટામાં પ્રવેશ મળી ગયો.

પછી તો સમયેને પાંખો આવીને ઉડવા લાગ્યો તે સાથે ભીખુ દર વર્ષે સારા ગુણ સાથે પાસ થવા લાગ્યો. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બધામાં અવ્વલ નંબરે પાસ થયો. હવે તે બીકોમના પહેલા વર્ષમાં આવેલો. એકાઉન્ટમાં તે ખુબ હોંશિયાર હોવાને કારણે ફૂટપાથની નજીકમાં આવેલ નંદા ઓટો પ્રા. લિ. કંપનીમાં એકાઉન્ટરનું કામ કરવા લાગ્યો. ત્યાં તેને મહિને બે હજાર રૂપિયા મળવા લાગ્યા.

વીસ વર્ષ પહેલાં તેને ભીખું ભિખારી કહેનારા હવે તેને ભીખુભાઈ એકાઉન્ટર કહેવા લાગ્યા. દીર્ઘદૃષ્ટિ મજબૂત મનોબળ અને કઠોર પરિશ્રમના ગુણોએ તેને પ્રતિભાશાળી બનાવી દીધો, આ કુશળતામાં તેના પિતાનો વારસો પણ હતો, ત્રણ વર્ષ એકાઉન્ટન્ટનું કામ કરતાં તે બીકોમ થઈ ગયો. ૮૦ ટકા સાથે મેરીટમાં તેનું નામ હતું. એકાદ અઠવાડિયા પછી તેણે એક દિવસ અખબારમાં જીપીએસસીની જાહેરાત જોતાં તેમાં ફોર્મ ફરી દીધું.

એક કહેવાય છે ને કે ભાગ્યને બદલતાં વાર લાગતી નતી. તેમાં પર પરિશ્રમ કરનારને સફળતા જરૂર મળે જ છે. હાં, ભીખુનું પણ એમ જ થયું. તેણે જીપીએસસીની પરીક્ષા મેરીટમાં ઉત્તીર્ણ કરી. હવે મૌખિક ઈન્ટરવ્યુ આપવાનો હતો. ઈન્ટરવ્યુ લેનાર ઉચ્ચ અધિકારીઓએ જયારે તેની માનસિક શક્તિનું પરિક્ષણ કર્યું તો તે દંગ રહી ગયા. તે વિકલાંગ




હોવા છતાં દરેક વિષય, કામ અને તેના વ્યવહારિક દક્ષતા, ખુબ મહેનતું છતાં તેનો સાદગીપૂર્ણ વ્યવહાર અને કુશળતા જેવા ગુણોએ તેને જિનિયસ બનાવી દીધો હતો. તેમને લાગ્યું કે ભીખુ વિકલાંગ નહીં પણ દિવ્યાંગ છે. એક માસ બાદ જીપીએસસીનું ફાઈનલ પરિણામ આવ્યું. તેમાં ભીખુ ક્રમમાં સૌથી ઉપર હતો. હવે ભીખુ, ભીખુ મટીને જિલ્લા પુરવઠા અધિકારીના પદે પહોંચી ગયો હતો. જયારે તેને નોકરી જોઈન કરી તો તેના ચહેરા પર ખુશી સાથે ગમ છવાઈ ગયો. તેની આંખમાં આંસુ આવી ગયા કે આજે જો તેના માતાપિતા હોત તો કેટલાં રાજી થાય. વિચાર કરતાં કરતાં તેણે ભગવાન અને રસ્તે પસાર થતા પ્રેરણા આપનાર શંકરલાલ માસ્તર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. તે સાથે સંઘર્ષમાં વીતેલા પોતાના વીસ વર્ષને યાદ કર્યા. મહેનત, ઈમાનદારી, લગન અને નિષ્ઠાએ આજે તેને તેના આ સ્થાને પહોંચાડ્યો હતો. તેણે ફરી એકવાર સર્વશક્તિમાન ઈશ્વર સામે માથું નમાવ્યું. તેણે રસ્તાની એ ફૂટપાથ, ધરતીમાંને વંદન કર્યા જેણે માંની જેમ તેને આશરો આપ્યો, તેનું પાલન પોષણ કર્યું અને રસ્તેથી આ ખુરશી પર બેસાડ્યો.

બીજે દિવસે તે ઓફીસ પહોંચ્યો. ત્યાં તેની નેઈમ પ્લેટ પર લખ્યું હતું. ભીખેશ ભંડારી જી.એ.એસ. લોકો ઝુકી ઝુકીને તેને નમસ્કાર કરતા હતા. તેની સામે હતી શાનદાર વાતાનુકૂલિત ઓફિસ અને રિવોલ્વિંગ ચેર, કેટલાય અધિકારી અને કર્મચારીઓ તેનું સ્વાગત કરતા હતા.

# પ્રેમમાં લગ્ન અને લગ્નમાં પ્રેમ

અંગ્રેજી લેખક રસ્કિન બોન્ડે લખ્યું છે કે "પ્રેમ જીવનને ઊર્ધ્વગતિ તરફ લઈ જતું એક અણમોલ રસાયણ છે. આવું રસાયણ આજે દુનિયાની કોઈ પ્રયોગશાળામાં બનાવીને વેચી શકાતું નથી."

જીવનનો માર્ગ પ્રેમ છે અને પ્રેમ એ જ એક માત્ર એવું તત્વ છે કે જે જીવનને માર્ગ બતાવે છે. પ્રેમ જ એક વ્યક્તિને બીજી વ્યક્તિ સાથે જોડી રાખતું એડહેસિવ છે. પ્રેમ જ એક એવું ગુરુત્વાકર્ષણ બળ છે કે જે સમગ્ર દુનિયાને જોડી રાખે છે, જકડી રાખે છે.

જીવનની સફરમાં પ્રેમનું ખુબ મહત્વ છે. એક યુવાન અને એક યુવતી વચ્ચે પહેલા પ્રેમનું પ્રાગટ્ય થાય અને પછી તે બેઉ લગ્ન કરીને જીવનસફરના સાથી બને અથવા સામાજિક રીતરિવાજ અનુસાર પહેલાં તેમનાં લગ્ન થાય અને પછી એ યુવક-યુવતી વચ્ચે પતિ-પત્ની તરીકે પ્રેમનો આવિર્ભાવ થાય. પ્રેમનો માર્ગ ભલે કોઈ પણ હોય, તેની મંઝિલમાં અને સમગ્ર સફરમાં પ્રેમ જ પ્રેમ પ્રાપ્ત થવો જોઈએ એટલી પૂર્વશરત રહેવી જોઈએ. પરંતુ હંમેશા એવું બનતું નથી.

આજે આપણે પ્રેમ અને લગ્ન તથા લગ્ન પછી પ્રેમની વાત પણ કરીએ. સુરેન્દ્રનગર-ઝાલાવાડના રાજપૂત-રાજઘરાનાની નેહલ પ્રેમલગ્ન કરીને પસ્તાઈ રહી છે. રાજકોટની કોલેજમાં ભણતી વખતે વીસ વર્ષની વયે ગ્રેજ્યુએટ થતા સુધીમાં જૈન બહેનપણીના ભાઈ સાથે આંખ મળી ગઈ. નેહલને ખબર હતી એમ જ થયું.

મા-બાપે સ્પષ્ટ કહી દીધું કે "તારા વેવિશાળ તો નાનપણમાં નક્કી થઈ જ ગયા છે, એ વાત તું પણ જાણે છે. રાજપરિવારના નિયમ પ્રમાણે જ રહેવું પડશે." મા-બાપે એ પણ સમજાવ્યું કે જુદો સમાજ, જુદો પરિવાર અને તેમની જુદી સામાજિક રહેણીકરણી અને ધર્મના રીત-રિવાજો પણ જુદા. બહુ અઘરું પડશે. જો એક વાર ભુલ કરીશ તો જીવનભર પસ્તાવાનો વારો આવશે.

આ તરફ નેહલનું શું થયું, એ પણ સમજવા જેવું છે. નેહલે જૈન યુવાન રાજુ સાથે પ્રેમલગ્ન કર્યાં. સ્વાભાવિક બાબત છે કે નેહલે પોતાના મા-બાપ અને સમાજ સામે પ્રેમના વિશ્વાસ સાથે બગાવત જ કરી અને સાહસ પણ કર્યું. મા-બાપે નેહલને બોલાવવાનું બંધ કર્યું અને તમામ સંબંધ ઉપર પૂર્ણવિરામ મૂકાઈ ગયું. લગ્ન પછી નેહલ પતિ રાજુ સાથે ભાડાના એક ઓરડાના ઘરમાં રહેવા ગઈ ત્યારે એને ખબર પડી કે દુનિયા તેણે વિચારી હતી તેનાથી સાવ જુદી જ છે.

નેહલને ખબર પડી કે રાજુ તો અનાથ છે અને તેની બહેનપણીનો માનેલો ધરમનો ભાઈ છે. પરંતુ હવે લગ્ન થઈ ગયા પછી નેહલ તેની બહેનપણીને કશો પણ ઠપકો આપે તો પણ પરિસ્થિતિમાં કોઈ ફરક પડવાનો જ નહોતો. નેહલે પ્રેમલગ્ન પહેલા રાજુ સાથે શરત કરી હતી કે તેને ગ્રેજ્યુએટ થયા પછી માસ્ટર ડિગ્રી માટે આગળ ભણવું છે. પરંતુ લગ્ન પછી રાજુ પત્નીને ભણાવી શકે એવી તેની આવક જ નહોતી. રાજુના પગારમાં ઘર પણ ચાલતું નહોતું તો પછી સારી રીતે જીવી શકાય અને પોતાના શોખ માટે ખર્ચ કરી શકાય એ વાત નેહલ માટે સ્વપ્ન બની ગઈ.

નેહલે ખાનગી કંપનીમાં નોકરી સ્વીકારી લીધી. પતિપ્રેમને વશ થઈને નેહલ પોતાનો પગાર પતિને આપતી અને પતિ તેનો આખો પગાર જ ઊડાવી દેતો. એવામાં નેહલે પહેલા સંતાનમાં દીકરીને જન્મ આપ્યો. આજે ભલે "બેટી બચાવો, બેટી વધાવો અને બેટી પઢાઓ." એવી વાતો કરીએ કે સાંભળીએ, પરંતુ સમાજની વરવી વાસ્તવિકતા એ છે કે દીકરીના જન્મને એક પ્રશ્નાર્થ તરીકે જ જોવામાં આવે છે. નેહલને ત્રાસ-અત્યાચાર આપવામાં રાજુએ કંઈ બાકી ન રાખ્યું. આખરે રાજુના ત્રાસમાંથી બચવા નેહલને પોતાની વહાલસોયી દીકરીને પોતાનાથી દૂર કરવાની ફરજ પડી.




નેહલનાં મા-બાપ તો તેને બોલાવતાં પણ નહોતાં. પરંતુ નેહલની મા પણ તો એક સ્ત્રી રહી. માનું હૈયું વલોપાત કરતું અને નેહલનું દુઃખ સાંભળીને પીગળી જતું. નેહલની માએ પોતાના પતિ (નેહલના પિતા)ને રાજી કર્યા કે નેહલની દીકરીને પોતે ઉછેરશે. જો કે નેહલના પિતા પોતાની દીકરીની દીકરીને રાખવા-ઉછેરવા તો તૈયાર થયા. પરંતુ નેહલ સાથે સંબંધ નહીં રાખવાનો નિર્ણય તો અફર જ રહ્યો. બીજી તરફ નેહલે બીજા સંતાન તરીકે દીકરાને જન્મ આપ્યો તો રાજુએ વધાવી લીધો.

આજે લગ્નના તેર વર્ષ પછી પણ નેહલના પિતા નેહલનું મ્હોં જોવા માગતા નથી. જો કે નેહલની ધોરણ-સાતમાં અભ્યાસ કરતી બાર વર્ષની દીકરીને ભણાવી-ગણાવીને લાડકોડથી ઉછેરી રહ્યા છે. નેહલ નોકરી કરીને ઘરનું ગુજરાન ચલાવી રહી છે. ગણિતમાં અને ભણવામાં હોંશિયાર નેહલ પોતાની જિંદગીમાં પ્રેમના દાખલામાં નાપાસ થવા છતા પોતાનો દાખલો અને જીવનનો નિર્ણય સાચો ઠેરવવા દુઃખ વેઠીને પણ ઝઝુમી રહી છે. રાજુ નેહલની દરેક નોકરીના સ્થળ ઉપર પહોંચી જાય અને ઝગડાઓ કર્યા કરે. એથી નેહલને દર છ મહિને નોકરીઓ પણ છોડવી અને બદલવી પડે છે. તેર વર્ષના લગ્નજીવનમાં તેર વખત નેહલે પતિને છોડીને અલગ રહેવા કદમ ઊઠાવ્યા અને દરેક વખતે રાજુ પ્રેમની દુહાઈ દઈને નેહલને ઝુકાવી દે. નેહલ પણ પોતાના સંતાનને ખાતર સમાધાન કરી લે. આ છે પ્રેમ પછીના લગ્નની એક તસવીર.

લગ્ન પછીના પ્રેમની તસવીર પણ જોઈએ.

પ્રીતિના હરિકૃષ્ણ સાથે સામાજિક રીતરિવાજ પ્રમાણે લગ્ન થયાં. પ્રીતિ સરકારી વિભાગમાં નોકરી કરતી. જ્યારે હરિકૃષ્ણનો નાનકડો બિઝનેસ હતો. પતિ કરતા પત્નીનો પગાર વધારે હોય એટલે અહમનો ટકરાવ અહીંથી જ શરુ થાય. પત્નીની ખોડ કાઢવી હોય તો પણ કઈ રીતે કાઢી શકાય. કારણ કે પ્રીતિમાં કોઈ ભુલ કે ખામી કાઢી શકાય એમ જ નહોતું.

લગ્ન પછી પ્રીતિને પતિ તરફથી પ્રેમ મળે એવી દરેક પત્નીની માફક

અનુસંધાન પાના નં. ૭ પર

# ન્યૂ યર રિઝોલ્યુશન...!! કેલેન્ડરના પાને પાને ચાલો સપના ચીતરીએ...!!

નવી નક્કોર કડકડતી બે હજારની ગુલાબી નોટ જેવી નવા વર્ષની વધામણી થઈ ગઈ છે. નવું કેલેન્ડર અને ડાયરી સૌના હાથમાં આવી ગઈ છે. ૩૬૫ દિવસના કોરા પન્ના પર મનગમતા સપના ચીતરવાની ઘડી આવી છે. નવા વર્ષમાં શું શું કરીશું? એનું પ્લાનિંગ મનમાં શરૂ થઈ ગયું છે. અત્યારે સામાન્ય પણે એને 'રિઝોલ્યુશન' કહેવાય છે. સંકલ્પ જેવા શબ્દો કયારનાય આઉટ ડેટેડ થઈ ગયાં છે. અત્યારે મિક્સ ભાષાનો જમાનો છે. સળંગ ગુજરાતીમાં જો એકાદ આર્ટીકલ લખું તો નવાં વર્ષમાં વાચકો ગુમાવવાનો ભય ખરો!




હમણાં ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે એક રમત રમાડી હતી. દરેક ને એક વિષય આપીને માત્ર ગુજરાતીમાં દોઢ મિનિટ બોલવાનું, જયાં અંગ્રેજી કે અન્ય ભાષાનો શબ્દ આવે ત્યારે એનો વારો ખતમ... ભલભલાની બોલતી બંધ થઈ ગયેલી, અને ખાસ તો જેઓ ગુજરાતીમાં માટે ચોખલીયાવેડા કરતાં હતા. એમની પણ હિટ વિકેટ થઈ ગઈ. 'કૌન કિતને પાની મેં' ખબર પડી ગયેલી. આ માત્ર સંકલ્પની જગ્યાએ રિઝોલ્યુશન શબ્દ વાપર્યો એટલે ચોખવટ કરવી પડી!

આજકાલ એકબીજાને 'વૉટ ઈઝ યોર્સ ન્યૂ યર રિઝોલ્યુશન?' પુછવાની ફૅશન છે. કોઈને વજન ઘટાડવું છે તો કોઈને નિયમિત મોર્નિંગ વૉક કરવા જવું છે. કોઈ પોતાનો બિઝનેશ ગોલ નક્કી કરે છે તો વળી કોઈ પર્સનલ ગોલ સેટ કરે છે. દુનિયાભરમાં બધાં રિઝોલ્યુશન કરે છે અને એમાંથી નેવું ટકા લોકો પહેલાં જ અઠવાડિયામાં આઉટ થઈ જાય છે. આ નેવું ટકામાં મારા જેવા કાયમી ટોપર હોય છે, એટલે એના ગમે તે કારણો હોય એ છટકવા માટે પુરતાં થઈ પડે છે. એટલે નવાં વર્ષે રિઝોલ્યુશન નહીં કરવાનું એ જ રિઝોલ્યુશન બની જાય છે.

કેટલાંય લોકો એમના રિઝોલ્યુશનને વળગી રહે છે. ડાયેટીંગ કરતાં અમારાં મિત્ર સંસારી સાધુ જેવા છે. કેટલાંક તો સવારે પાંચ વાગે રનિંગ કરવા કે પછી સ્વિમિંગ કરવા પાણીમાં કુદકો મારે અને એમને જોઈ આપણને ટાઢ ચઢે અને પછી રજાઈ સાથે પાક્કી ભાઈબંધી કરી એને વળગી રહે. સ્ટ્રેટેજી, એલાર્મ, પ્લાન બધું જ કાગળ પર રહી જાય, સરકારી યોજનાની જેમ, નર્યો આળસ બીજું શું? એક બહેનની શરીર ઉતારવાની બહાનાબાજી જોઈને ડૉકટરો કહ્યું, 'બહેન દરેકને પોતાનું આગવું શરીર હોય છે, જેટલું થાય એટલું જ કરવું અને કાયમ હેલ્ધી રહેવું!' બહેન એમનો વ્યંગ ન સમજી શક્યા અને બે મહિનામાં બીજા ચાર કિલો ચરબીનો થર ચઢાવી દીધો.

'નો રિઝોલ્યુશન', બટ લેટ્સ બી અ પાર્ટ ઓફ રિવ્હોલ્યુશન' આવો કંઈ મંત્ર કરવા જેવો છે. રિઝોલ્યુશન કરવાનુ નહીં એટલે આખું વર્ષ આળસમાં ગુમાવવાનું એમ નહીં પણ આજે આપણે ટેકનોલોજીના એક સુંદર વળાંકે ઊભા છીએ. લગભગ મોટાભાગના કામો ફિંગર ટીપ પર થાય છે. કેટકેટલો સમય બચી ગયો છે. ટેલિફોન, લાઈટ, ગેસ, રેલવે, બસ જેવી કેટલી લાઈનોમાંથી છુટકારો મળી ગયો છે. સમય એ જ આપણી મોટી સંપત્તિ છે. ફરી પાછો કયારેક ન મળે એવી સંપત્તિ. એને આપણે વાપરીએ છીએ કે પછી વેડફીએ છીએ! ટેકનોલોજીથી બચેલો સમય હાથમાં રહેલા મોબાઈલ પાછળ ગુમાવતા તો નથી ને!

> **એક સૂર્યાસ્ત કેટલીયે યાદો લઈને ડૂબી ગયો,**
> **એક સૂર્યોદય કેટલીયે આશા લઈને ઊગી ગયો**
> **- સંજય થોરાત**

મોબાઈલ અને ટેકનોલોજી આપણી પ્રગતિ માટે આવશ્યક છે. પહેલાના જમાનામાં પુરાણકથામાં વાંચેલુ યાદ આવે છે કે ઋષિમુનિ જયારે તપ કરવા બેસતા ત્યારે એમનો તપોભંગ કરવા અપ્સરા અથવા સુંદર સ્ત્રીઓને મોકલતાં. આજકાલ આ અપ્સરાની જગ્યા મોબાઈલે લીધી છે. કોઈના અભ્યાસ-વાંચન-ચિંતન અથવા કોઈ ક્રિએટીવ કામમાં હસ્તક્ષેપ કરાવવો હોય તો એના હાથમાં એક સ્માર્ટ ફોન અને હાઈસ્પીડવાળું વાઈફાઈ આપી દો, એને ફૅસબુક, વોટ્સએપ, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ જેવા અસ્ત્રો જોડી દો એટલે એ બંદાના બાર વાગી જાય સિવાય કે એનું માઈન્ડ કંટ્રોલ જોરદાર હોય!

હમણાં એક હોટેલમાં ચેક ઈન કરવાનું હતું. મેનેજર એક સાથે દસ બાર કસ્ટમર હેન્ડલ કરતાં ટેન્શનમાં હતો. દરેક કસ્ટમર પેનિક હતો કે કયારે રૂમમાં જવા મળે, ફ્રેશ થવા મળે. બધા પોતાને પ્રથમ રૂમ મળે એ માટે કકળાટ કરતાં હતા. એટલામાં મેનેજરે કહ્યું કે, 'દરેકને રિસ્પેશન વાઈફાઈ પાસવર્ડ આપું છું, જયાં સુધી તમારો નંબર ન આવે ત્યાં સુધી વાપરી શકો છો.' અને એ બ્રહ્માસ્ત્ર ચાલી ગયું. દરેક જણ વાઈફાઈ કનેકટ કરી રિસેપ્શનમાં જયાં જગ્યા મળી ત્યાં જઈને 'લગે રહો વાઈ ફાઈ પે' જેમ ચોંટી ગયા. હોટેલે મેનેજરે ટેકનોલોજીનો ઉપયોગ કસ્ટમર સેટીસ્ફેકશન માટે કર્યો.




આજના જમાનાની તાતી જરૂરિયાત એટલે પોતાની જાત પર કંટ્રોલ કરવાનું રિવોલ્યુશન કરી શકીએ. કેટલાંય લોકોના મોંઢે આ પ્રશ્ન સંભળાય છે કે, 'હાઉ ટુ ગેટ રિડ ઑફ ધિસ?' કેટલાંય લોકો હવે કામ વગરના ગ્રુપમાંથી બાદ થાય છે. 'ઘર ગયા બાદ ફોનને હાથ લગાડીશ નહીં' અથવા 'ઑફિસમાં મોબાઈલ લૉકરમાં મુકી દઈશ' જેવી વાતોને વળગતા થયા છે. કામ પત્યું એટલે 'ડિલીટ ધ મેસેજ' અથવા 'પોસ્ટ' એટલે એમાં ઊતરી નથી જવાનું ને? વારે ઘડીયે મોબાઈલ ચેક નથી કરવો પડતો ને? મોબાઈલને જો આપણાં કંટ્રોલમાં કરી લઈશું તો આ વર્ષે રિવ્હોલ્યુશનરી રિઝોલ્યુશન થઈ જશે, નો ડાઉટ!

ભારત અત્યારે રિવ્હોલ્યુશનરી ટાઈમમાંથી પસાર થઈ રહ્યા છે. કેશ મની મોબાઈલ એપ પર આળી રહ્યા છે, એટલે એને સાથ તો આપવો જ જોઈએ. 'મેરા દેશ બદલ રહા હૈ, આગે બઢ રહા હૈ' એટલે મોબાઈલ બંધ કરવાની વાત નથી પણ વપરાશની લિમિટની વાત છે. ધોધમાર પડેલા વરસાદ બાદ નીકળેલા ઉઘાડ જેવું નવું વર્ષ આવ્યું છે. મોબાઈલમાં આવતા મેસેજ, પિકચર, વીડિયો ટાઈમલી ડિલીટ ન કરીએ તો એ હેંગ થઈ જાય એમ જ ગયા વર્ષના કરવા, તીખા, તૂરા પ્રસંગો ડિલીટ કરીને નવું રિઝોલ્યુશન બનાવવાનું છે.

રોજ સવારે ઉગતો નવો દિવસ એ આપણી બચેલી જિંદગીનો પ્રથમ દિવસ છે. કયાંક ફરવા જવું હોય તો આપણે કેટલીય તૈયારી કરીએ છીએ? હોટેલ, ટ્રેન, ફલાઈટ, ફરવાનું સ્થળ, સામાન, પૈસા, રજા... કેટલું બધું.' તો પછી નવું વર્ષ છે, કંઈક તો નક્કી કરો. શક્ય છે બધું નહીં પતે, પણ ગાડી આડે પાટે તો નહીં ચઢે! કંઈક પોતાના, પરિવાર, ઑફિસ કે મિત્રો માટે રિઝોલ્યુશન બનાવો, કદાચ વેડફાતા સમયનો સદ્ઉપયોગ થઈ જાય. બાકી તો વર્ષ તો એક કે બાદ એક આવશે અને જતાં રહેશે, કયાંક આપણે ઠેકના ઠેર ના રહી જઈએ!

ચૂંટલો :

આજે આપણે જીવીએ છીએ એ જ મોટી ઘટના છે. આપણા અસ્તિત્વ માટે રિઝોલ્યુશન બનાવીએ. સૂર્યદેવથી લઈને સફાઈ કામદાર સૌને થેંક યુ કહીએ. કંઈક કરવા, મેળવવા સજ્જન રિઝોલ્યુશન તો કરવું પડશે બાકી સમય અને દિવસ કયાં કોઈ માટે અટકે છે? સમયની સાથે ચાલે એ જ ટકે છે!

- pratibhav@sanjaythorat.com